કાપોદ્રા પોલીસ સ્ટેશનના મર્ડરના ગુનાના આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી,
કાપોદ્રા પોલીસ, સુરત શહેર.

કાપોદ્રા પોલીસ સ્ટેશન એ પાર્ટ–ગુ.ર.નં.૧૧૨૧૦૦૨૨૨૧૧૧૫૨/૨૦૨૧ ઇ.પી.કો.કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૪, ૩૨૩ મુજબ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના કામે આરોપી ફરીયાદીનો પહેલો પ્રેમી થતો હોય જે ફરી.ને નવા પ્રેમી સાથે બેસેલા જોઇ જતા પહેલો પ્રેમી(આરોપી)એ નવા પ્રેમીને મારી નાંખવાના ઇરાદે આંખમાં મરચુ નાંખી તેના શરીરે પર આડેધડ છરાના ઘા મારતા ફરીયાદીશ્રી વચ્ચે પડતા તેને પણ મારી નાંખવાના ઇરાદે છરાના ઘા મારી ઇજા કરી, ફરી.શ્રીના પ્રેમી અજયનું મોત નીપજાવી નાશી ગયેલ હોય જે બનાવ બાબતે ઉપરોકત નંબરથી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે. સદર ગુનામાં નાસી ગયેલ આરોપી (ફરી.નો પહેલો પ્રેમી) નામે લાલજીભાઇ ઉર્ફે લાલુ કાળુભાઇ ઘરણીયા રહે. કુબેરનગરના પોપડામાં તનવીર ટ્રાવેલ્સની ઓફીસની સામે વરાછા, સુરત. મુળગામ પરવડી તા.ગારીયાધાર જી.ભાવનગર નાઓની શોધી કાઢવા કાપોદ્રા પોલીસ સ્ટેશનના સર્વેલન્સના સ્ટાફના પો.સ.ઇ. બી.એમ.કરમટા નાઓની ટીમ વર્ક આઉટમાં હતી તે દરમ્યાન અ.હે.કો. રાજેન્દ્રસિંહ રાયલમભાઇ બ.નં.૨૮૧ તથા અ.હે.કો. લક્ષ્મણભાઇ વિરાભાઇ બ.નં.૨૮૫૦ તથા અ.પો.કો. રવિરાજસિંહ ધીરુભા બ.નં. ૨૧૬૬ નાઓને ખાનગી રાહે મળેલ સંયુકત બાતમી હકીકતના આરોપી લાલજીભાઇ ઉર્ફે લાલુ કાળુભાઇ ઘરણીયા નાઓને ઝડપી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.